# આસામ: કોકરાઝારમાં બોડો-આદિવાસી અથડામણ

**હિંસામાં** ૩નાં મોત, સેના અને RAF તૈનાત

કરિગાંવમાં પોલીસ ચોકી પર હુમલો અને આગજની બાદ ઇન્ટરનેટ બંધ

કોકરાઝાર/ગુવાહાટી, તા. ૨૦ (પીટીઆઈ): આસામના કોકરાઝારમાં મંગળવારે બોડો અને આદિવાસીઓ વચ્ચે કથિત રીતે નવેસરથી અથડામણ થઈ હતી. એક દિવસ પહેલા થયેલી હિંસામાં બે લોકોનાં મોત થયાં હતાં. ત્યાર બાદ રેપિડ એક્શન ફોર્સ (આરએએફ) તૈનાત કરવામાં આવી હતી, બે જિલ્લાઓમાં ઇન્ટરનેટ/મોબાઇલ ડેટા સેવાઓ સ્થગિત કરવામાં આવી હતી અને પ્રતિબંધિત આદેશો લાગુ કરવામાં આવ્યા હતા. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. કરિગાંવ વિસ્તારમાં ટોળા દ્વારા કરવામાં આવેલી હિંસામાં ઘાયલ થયેલા ચાર વ્યક્તિઓ પૈકી એકનું મંગળવારે કોકરાઝાર મેડિકલ કોલેજમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. પોલીસે અત્યાર સુધીમાં ટોળાની હિંસા અને ત્યાર બાદની અથડામણના સંબંધમાં ૧૮ લોકોની અટકાયત કરી છે. હોમ ડિપાર્ટમેન્ટના એક અધિકારીએ જણાવ્યું હતું કે, સોમવારે રાત્રે કરિગાંવ આઉટપોસ્ટ હેઠળના માનસિંહ રોડ પર ત્રણ બોડો વ્યક્તિઓ સવાર હતા તે એક વાહને બે આદિવાસી વ્યક્તિઓને ટક્કર મારી હતી. ત્રણેય બોડો શખ્સોને પડોશના આદિવાસી ગ્રામજનોએ માર માર્યો હતો અને વાહનને આગ ચાંપી દીધી હતી. તે સમયે એક વ્યક્તિનું મોત થયું હતું, જ્યારે અન્ય એક વ્યક્તિએ મંગળવારે દમ તોડ્યો હતો. અધિકારીએ જણાવ્યું હતું કે, મંગળવારે સ્થિતિ વધુ વણસી હતી.

# ભારત અને યુરોપિયન યુનિયન ઐતિહાસિક વેપાર સોદાના આરે

દાવોસમાં વર્લ્ડ ઇકોનોમિક ફોરમ દરમિયાન યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને જાહેરાત કરી છે કે ભારત અને યુરોપિયન યુનિયન (EU) એક ઐતિહાસિક મુક્ત વેપાર કરાર (FTA)ના આરે છે. આ કરારને 'ધ મધર ઓફ ઓલ ડીલ્સ' તરીકે ઓળખવામાં આવે છે, જે ૨ અબજ લોકો માટે વિશાળ બજાર ઊભું કરશે અને વૈશ્વિક જીડીપીના ચોથા ભાગને આવરી લેશે. ઉર્સુલા વોન ડેર લેયેન અને યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટા ૨૫ થી ૨૭ જાન્યુઆરી દરમિયાન ભારતની મુલાકાતે આવશે અને ગણતંત્ર દિવસની ઉજવણીમાં મુખ્ય અતિથિ તરીકે જોડાશે. ૨૭ જાન્યુઆરીએ વડાપ્રધાન મોદી સાથેની સમિટ વાર્તાલાપમાં આ પ્રતીક્ષિત વેપાર કરાર થયાની જાહેરાત કરવામાં આવશે. આ સમજૂતીથી યુરોપને વિશ્વના સૌથી ઝડપથી વિકસતા અર્થતંત્રમાં 'ફર્સ્ટ-મૂવર એડવાન્ટેજ' મળશે. હાલમાં ભારત અને EU વચ્ચેનો વેપાર $૧૩૫ અબજ છે, જે આ કરારથી અનેકગણો વધશે.

## પેજ 3

### કેટી પેરી જસ્ટિન ટ્રુડો સાથે દાવોસ પહોંચી

દાવોસ, તા. 20: દાવોસમાં મંગળવારે બપોરે કેટલાક સેલિબ્રિટીઝ અને રાજકારણીઓ આવી પહોંચ્યા હતા, જેમાં કેટી પેરી અને જસ્ટિન ટ્રુડો પણ જોવા મળ્યા હતા. આ સમયે યુરોપિયન નેતાઓ ડોનાલ્ડ ટ્રમ્પ સાથેના વધુ સંઘર્ષ માટે ખુદને તૈયાર કરી રહ્યા છે. 41 વર્ષીય પોપ સ્ટાર અને 54 વર્ષીય કેનેડાના પૂર્વ વડા પ્રધાન સ્વિટ્ઝર્લેન્ડમાં વાર્ષિક વર્લ્ડ ઇકોનોમિક ફોરમમાં એકબીજાનો હાથ પકડીને ચાલતા જોવા મળ્યા હતા - આ એક એવી ઇવેન્ટ છે જેના પર અમેરિકી રાષ્ટ્રપતિની હાજરીનું વર્ચસ્વ રહેવાનું છે.

### દીકરી આરાધ્યાને મૂકીને એકલા જ વેકેશન પર નીકળી ગયાં ઐશ-અભિષેક?

મુંબઈ, તા. 20: ઐશ્વર્યા રાય અને અભિષેક બચ્ચન બંને બોલિવૂડના સૌથી શક્તિશાળી કપલ્સમાંનું એક છે. છેલ્લા કેટલાક સમયથી બંનેના છૂટાછેડાની અફવાઓએ અનેક સવાલો ઊભા કર્યા હતા, પરંતુ હવે બંનેએ સાથે આવીને આ અફવાઓ પર સંપૂર્ણ રીતે પૂર્ણવિરામ મૂકી દીધું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, હવે તો અવારનવાર આરાધ્યા, અભિષેક અને ઐશ્વર્યા વેકેશન પર જતા જોવા મળે છે, પરંતુ આ કપલ ક્યારેય તેમના વેકેશનના ફોટા ઇન્ટરનેટ પર શેર કરતું નથી. હાલમાં જ આ કપલની એક-બે તસવીરો ઇન્ટરનેટ પર ઝડપથી વાયરલ થઈ રહી છે જેમાં કપલનું શાનદાર બોન્ડ જોવા મળી રહ્યું છે. ઇન્ટરનેટ પર ઝડપથી વાયરલ થઈ રહેલી આ તસવીરોમાં જોઈ શકાય છે કે ઐશ અને અભિષેક ન્યૂયોર્ક સિટીમાં નવા વર્ષની ઉજવણી કરતા જોવા મળી રહ્યા છે. બંનેની આ તસવીરો થોડા દિવસ જૂની છે, પરંતુ જેવી ઇન્ટરનેટ પર આવી કે તરત જ વાયરલ થઈ ગઈ છે.

### અક્ષય કુમારના કાફલાના અકસ્માતમાં સામેલ મર્સિડીઝના ચાલકની ધરપકડ

મુંબઈ, તા. 20: મુંબઈના જુહુ વિસ્તારમાં બોલિવૂડ અભિનેતા અક્ષય કુમારના કાફલાના એક વાહન સાથે થયેલા અકસ્માત મામલે જુહુ પોલીસે મર્સિડીઝ કારના ડ્રાઇવર રાધેશ્યામ રાય વિરુદ્ધ કેસ નોંધ્યો છે. આ ઘટના સોમવારે રાત્રે આશરે 9 વાગ્યે જુહુ વિસ્તારમાં બની હતી. ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ)ની કલમ 281, 125(એ) અને 125(બી) હેઠળ બેદરકારીપૂર્વક વાહન ચલાવવા બદલ ગુનો નોંધવામાં આવ્યો છે. મર્સિડીઝ ચાલકની ધરપકડ કરવામાં આવી હતી અને તેનું મેડિકલ પરીક્ષણ પણ કરવામાં આવ્યું હતું. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, મર્સિડીઝ કારના ચાલકે કથિત રીતે ગતિ વધારી હતી અને એક ઓટો રિક્ષાને ટક્કર મારી હતી. ત્યાર બાદ ઓટો રિક્ષા અક્ષય કુમારના કાફલામાં સામેલ ઈનોવા કાર સાથે અથડાઈ હતી.

### આમિર ખાને તેના ખોરાકમાં ફેરફાર કરીને 18 કિલો વજન ઘટાડ્યું!

મુંબઈ, તા. 20: અભિનેતા આમિર ખાને તાજેતરમાં ખુલાસો કર્યો હતો કે, તેણે ૧૮ કિલો વજન ઘટાડ્યું છે, જેનો શ્રેય તે એન્ટિ-ઇન્ફ્લેમેટરી ડાયટને આપે છે, જેને તેણે માઇગ્રેનના વારંવાર થતા દુખાવાને દૂર કરવા માટે શરૂ કર્યું હતું. આ ડાયટથી માત્ર તેનું વજન જ ઓછું નથી થયું, પરંતુ તેના માઇગ્રેનને નોંધપાત્ર રીતે ઘટાડવામાં પણ મદદ મળી છે. હકીકતમાં, તેની અસર તેની ઓવરઓલ હેલ્થ પર પણ થઈ છે, જેમાં અભિનેતાએ સ્વીકાર્યું છે કે, ''હું સ્વાસ્થ્યના કારણોસર જે નવા ડાયટનું પાલન કરી રહ્યો છું તે મારા માટે જાદુની જેમ કામ કરી રહ્યું છે.''

# વિશ્વના ટોચના ૧૨ અબજપતિઓ પાસે દુનિયાની અડધી વસ્તીની કુલ મિલકત કરતા વધુ સંપત્તિ!

**વિશ્વમાં** અબજપતિઓની સંખ્યા વધીને ૩૦૦૦ થઇ

**તેમની** કુલ મિલકતો વધીને ૧૮.૩ ટ્રિલિયન ડોલર થઈ

**અબજપતિઓની** સંખ્યા અમેરિકામાં સૌથી વધુ ઝડપે વધી

### ઇલોન મસ્ક: અડધા ટ્રિલિયન ડોલરનો આંકડો વટાવનાર પ્રથમ વ્યક્તિ

ઈલોન મસ્કની સંપત્તિ ઓક્સફામના અહેવાલમાં ઈલોન મસ્કની સંપત્તિમાં થયેલા વધારા પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો હતો. ઓક્ટોબર 2025 માં, ટેસ્લાના CEO ઈલોન મસ્ક $500 અબજ (અડધો ટ્રિલિયન ડોલર) થી વધુ સંપત્તિ ધરાવનારા વિશ્વના પ્રથમ વ્યક્તિ બન્યા હતા. ફોર્બ્સના અહેવાલ મુજબ, ઓક્ટોબરમાં 500 અબજ ડોલરની નેટવર્થ પર પહોંચ્યા પછી, મસ્ક ડિસેમ્બરમાં 600 અબજ ડોલરની સંપત્તિ ધરાવનાર પણ પ્રથમ વ્યક્તિ બન્યા હતા. આ સિદ્ધિ ત્યારે મળી જ્યારે એવા અહેવાલો આવ્યા કે તેમની સ્ટાર્ટઅપ કંપની સ્પેસએક્સ 800 અબજ ડોલરના વેલ્યુએશન પર પબ્લિક થવાની શક્યતા છે. ઓક્સફેમના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર અમિતાભ બેહરે જણાવ્યું હતું કે, ધનવાન લોકો અને બાકીના સામાન્ય લોકો વચ્ચે વધી રહેલી ખાઈ તે જ સમયે એક એવું રાજકીય અંતર ઊભું કરી રહી છે જે અત્યંત જોખમી છે.

દાવોસ, તા. ૨૦: તાજેતરમાં પ્રકાશિત થયેલા ઓક્સફામના અહેવાલ અનુસાર, વર્ષ 2025 માં વિશ્વભરમાં અબજોપતિઓની સંખ્યા વિક્રમી સ્તરે પહોંચી ગઈ છે અને તેમની સામૂહિક સંપત્તિ વધીને 18.3 ટ્રિલિયન ડોલર થઈ ગઈ છે.

ઓક્સફામના અહેવાલમાં જણાવાયું છે કે, વિશ્વના સૌથી ધનિક 12 અબજોપતિઓ પાસે માનવજીવનની સૌથી ગરીબ અડધી વસ્તી એટલે કે ચાર અબજથી વધુ લોકો કરતા પણ વધુ સંપત્તિ છે. ટેસ્લા અને સ્પેસએક્સ જેવી કંપનીઓના માલિક ઈલોન મસ્કની આગેવાની હેઠળના આ ૧૨ અબજપતિઓમાં ગૂગલના લેરી પેજ, એમેઝોના જેફ બેઝોસ, ફેસબુકના માર્ક ઝૂકરબર્ગ વગેરેનો સમાવેશ થાય છે.

દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમની શરૂઆત પહેલા જાહેર કરાયેલા ઓક્સફામના આ અભ્યાસમાં એ વાત પર ભાર મૂકવામાં આવ્યો છે કે, 2025 માં પ્રથમ વખત વિશ્વમાં અબજોપતિઓની સંખ્યા 3,000 ને પાર કરી ગઈ છે. આ ચેરિટી સંસ્થાએ તેના તાજેતરના અહેવાલમાં જણાવ્યું છે કે, જ્યારે અમેરિકન અબજોપતિઓની સંપત્તિમાં સૌથી વધુ તીવ્ર વૃદ્ધિ જોવા મળી છે, ત્યારે બાકીના વિશ્વના અબજોપતિઓની સંપત્તિમાં પણ બે આંકડામાં વધારો થયો છે. અમેરિકામાં અબજોપતિઓની સંખ્યા ઝડપથી વધવા માટે ટ્રમ્પની ધનવાન તરફી નીતિઓને ઓક્સફામે જવાબદાર ગણાવી હતી.

અબજોપતિઓની સામૂહિક સંપત્તિમાં વૃદ્ધિ પરના એકેડેમિક રિસર્ચ અને વિશ્વની અસામાનતાના ડેટાબેઝથી લઈને ફોર્બ્સની શ્રીમંતોની યાદી સુધીના ડેટા સ્ત્રોતો પર આધારિત ઓક્સફામના અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, 2025 માં વૈશ્વિક અબજોપતિઓની સંપત્તિ 16% વધીને 18.3 ટ્રિલિયન ડોલર થઈ ગઈ છે. અહેવાલમાં જણાવાયું છે કે 2020 થી અત્યાર સુધીમાં આ આંકડો 81% અથવા 8.2 ટ્રિલિયન ડોલર વધ્યો છે. અહેવાલમાં ઉમેર્યું છે કે, વિશ્વના સૌથી ધનિક 12 અબજોપતિઓ પાસે માનવજીવનની સૌથી ગરીબ અડધી વસ્તી એટલે કે ચાર અબજથી વધુ લોકો કરતા પણ વધુ સંપત્તિ છે.

અભ્યાસમાં નોંધવામાં આવ્યું છે કે અબજોપતિઓની સંપત્તિનું સ્તર હવે ઇતિહાસમાં કોઈપણ સમય કરતાં વધુ છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) કંપનીઓના વધતા જતા વેલ્યુએશનને કારણે રોકાણકારો વધુ શ્રીમંત બન્યા છે. ઓક્સફામે જણાવ્યું હતું કે, નવેમ્બર 2024 થી છેલ્લા એક વર્ષમાં વૃદ્ધિની ગતિ 16.2% હતી, જે 2020 થી અત્યાર સુધીના વૃદ્ધિના સરેરાશ દર કરતા ત્રણ ગણી વધારે છે.

## હવે ટોલ બાકી હશે તો વાહન વેચી શકાશે નહીં કે ફિટનેસ સર્ટિફિકેટ મળશે નહીં

નવી દિલ્હી, તા. ૨૦ (પીટીઆઈ): અવરોધ-મુક્ત ટોલિંગ સિસ્ટમની દિશામાં આગળ વધતા સરકારે નિયમોમાં સુધારો કર્યો છે, જેના હેઠળ વાહનમાલિકોએ તેમનું વાહન વેચતા પહેલાં અથવા ફિટનેસ પ્રમાણપત્ર મેળવતા પહેલાં તમામ ટોલ પ્લાઝાનાં લેણાં ચૂકવવા ફરજિયાત રહેશે. માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયે (એમઓઆરટીએચ) એ સુધારેલા 'સેન્ટ્રલ મોટર વ્હીકલ રૂલ્સ, ૨૦૨૬' સૂચિત કર્યો છે, જેથી એ સુનિશ્ચિત કરી શકાય કે ટોલ પ્લાઝા પરની તમામ બાકી રહેલી વપરાશકર્તા ફી વાહનમાલિકો દ્વારા ચૂકવી દેવામાં આવે. મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ''આ સુધારાઓનો હેતુ વપરાશકર્તા ફીના પાલનમાં સુધારો કરવાનો, ઈલેક્ટ્રોનિક ટોલ કલેક્શનની કાર્યક્ષમતા વધારવાનો અને રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર ફીની ચોરીને અટકાવવાનો છે.'' મંત્રાલયે નિવેદનમાં જણાવ્યું હતું કે,''આ સુધારાઓ મલ્ટી-લેન ફ્રી ફ્લો (એમએલએફએફ) સિસ્ટમના અમલીકરણ પછી વપરાશકર્તા ફી વસૂલવામાં પણ મદદ કરશે, જે રાષ્ટ્રીય ધોરીમાર્ગ નેટવર્ક પર અવરોધ-રહિત ટોલિંગ શક્ય બનશે.''

# ચીનના એક શહેરમાં રસ્તાઓ પર રોબોટ ટ્રાફિક પોલીસ મૂકાયા

બૈજીંગ, તા. ૨૦: ચીને રસ્તાઓ પર દેખરેખ રાખવા અને ચોવીસ કલાક ટ્રાફિકનું સંચાલન કરવા માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) થી સજ્જ પુરા કદના 'રોબોકોપ્સ' તૈનાત કર્યા છે. પૂર્વી ચીનના અનહુઈ પ્રાંતના વુહુ શહેરમાં રિફ્લેક્ટિવ વેસ્ટ અને સફેદ ટોપી પહેરેલા આ હ્યુમનોઇડ અધિકારીઓ પેટ્રોલિંગ કરતા અને નાગરિકોને આદેશ આપતા જોવા મળ્યા છે. ટ્રાફિક પોલીસ અધિકારી જિયાંગ ઝિહાઓએ આ મશીનોને રસ્તાઓ પર અધિકારીઓને મદદ કરવા સક્ષમ 'નવા સહકર્મીઓ' તરીકે વર્ણવ્યા હતા. જિયાંગના જણાવ્યા અનુસાર, 'ઇન્ટેલિજન્ટ પોલીસ યુનિટ R001' તરીકે ઓળખાતો આ AI-સક્ષમ રોબોટ શહેરની ટ્રાફિક સિગ્નલ સિસ્ટમ સાથે જોડાયેલો છે અને બદલાતી લાઇટ સાથે તાલમેલ સાધીને ટ્રાફિક-નિયંત્રણના ઇશારા કરી શકે છે. હાઇ-ડેફિનેશન કેમેરા અને ઇન્ટેલિજન્ટ વોઇસ-બ્રોડકાસ્ટિંગ સિસ્ટમથી સજ્જ આ રોબોટ, રાહદારીઓ અને બિન-મોટરવાળા વાહનો દ્વારા થતા ટ્રાફિક નિયમોના ઉલ્લંઘનને આપમેળે શોધી કાઢવા અને સ્થળ પર જ ચેતવણી આપવા માટે અદ્યતન અલ્ગોરિધમનો ઉપયોગ કરે છે. પોતાની નિયત ફરજ ઉપરાંત, આ રોબોટ સંપૂર્ણપણે ગતિશીલ છે અને આદેશ મળતાની સાથે જ નિર્ધારિત સ્થળોએ સ્વાયત્ત રીતે મુસાફરી કરી શકે છે. તે ગેરકાયદેસર પાર્કિંગની ઓળખ પણ કરી શકે છે અને રસ્તાનું રીઅલ-ટાઇમ મોનિટરિંગ કરી શકે છે. ખાસ કરીને ભીડના સમયમાં અથવા અતિશય ખરાબ હવામાનની સ્થિતિમાં પોલીસનો કાર્યભાર ઓછો થવાની અપેક્ષા છે.

# દાવોસ બેઠક પહેલા ઝુરીચમાં ટ્રમ્પ વિરોધી દેખાવો

**દેખાવકારોએ** અમેરિકી કંપનીઓની કચેરીઓમાં તોડફોડ કરી, અમેરિકાનો ધ્વજ બાળ્યો

ડોનાલ્ડ ટ્રમ્પની દાવોસ મુલાકાત પહેલાં ઝ્યુરિચમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ વિરોધી પ્રદર્શન દરમિયાન અમેરિકાનો ધ્વજ સળગાવવામાં આવ્યો હતો અને અમેરિકન કંપનીઓને તોડફોડ માટે નિશાન બનાવવામાં આવી હતી. સોમવારે સાંજે, ફોરમ વિરુદ્ધના એક મંજૂર કરાયેલા પ્રદર્શને હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું, જેમાં પ્રદર્શનકારીઓએ અમેરિકી કંપનીઓની દુકાનોના કાચ તોડી નાખ્યા હતા અને અનેક ઈમારતો પર સ્પ્રે-પેઈન્ટ છાંટ્યું હતું.

નુકસાન પામેલી કંપનીઓમાં લક્ઝરી કાર બ્રાન્ડ કેડિલેક અને આંતરરાષ્ટ્રીય કંપની નેસ્લેનો સમાવેશ થાય છે. સ્વિસ અખબાર '20minuten' ના જણાવ્યા અનુસાર, એક કેસિનો પર પણ સ્પ્રે-પેઈન્ટથી 'Money Stinks' (પૈસા ગંધાય છે) એવા શબ્દો લખવામાં આવ્યા હતા. માસ્ક પહેરેલા દેખાવકારો રસ્તાની વચ્ચે એક મોટા અમેરિકી ધ્વજને આગ ચાંપતા પણ કેમેરામાં કેદ થયા હતા. બુર્કલીપ્લાટ્ઝ ટાઉન સ્કવેરથી શરૂ થયેલી આ કૂચ દરમિયાન, લોકોએ ટ્રમ્પ વિરોધી ચિહ્નો સાથે 'ટ્રમ્પનું સ્વાગત નથી', 'ટ્રમ્પ જેલ માટે' અને 'ટ્રમ્પ ગુનેગાર છે' જેવા સૂત્રો લખેલા પોસ્ટરો પ્રદર્શિત કર્યા હતા.

# અમેરિકાના મિશિગનમાં ૧૦૦ વાહનો એકબીજા સાથે ભટકાયા

અમેરિકાના મિશિગનમાં આર્કટિક વાવાઝોડાએ તબાહી મચાવી છે, જેમાં બરફ જામવાને કારણે ૧૦૦ વાહનો એકબીજા સાથે અથડાયા હતા અને ન્યૂ ઈંગ્લેન્ડમાં છ ઈંચ જેટલો બરફ પડ્યો હતો.

સોમવારે સવારે થીજી જનારી ઠંડી અને ભારે હિમવર્ષા બાદ મિશિગનમાં ઈન્ટરસ્ટેટ ૧૯૬નો એક ભાગ બંધ કરી દેવો પડ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, અનેક વાહનો આ અકસ્માતમાં એકબીજા સાથે અથડાઈ ગયા હતા, જ્યારે અન્ય વાહનો અથડામણ ટાળવાના પ્રયાસમાં રોડની નીચે ઉતરી ગયા હતા. ઈન્ટરસ્ટેટ પર લાગેલા સ્પીડ કેમેરાના ફૂટેજમાં બરફથી ઢંકાયેલા રસ્તા પર વેરવિખેર પડેલા વાહનોનો ભયાનક નજારો જોવા મળ્યો હતો. મિશિગન સ્ટેટ પોલીસના જણાવ્યા અનુસાર, આ ભયાનક સાંકળ જેવી અથડામણમાં અંદાજે ૩૦ થી ૪૦ સેમી-ટ્રક સામેલ હોવાનું કહેવાય છે. ઓટાવા કાઉન્ટી શેરિફ ઓફિસે જણાવ્યું હતું કે રસ્તામાં ફસાયેલા વાહનચાલકોને બસ દ્વારા રોડ પરથી બહાર કાઢી હડસનવિલે હાઈસ્કૂલ લઈ જવામાં આવશે. જાનહાનિના કોઈ અહેવાલ નથી પરંતુ ફસાયેલા મોટરિસ્ટોને તેમના વાહનમાં જ રહેવા સૂચના અપાઈ હતી.


**Federal Bank**

ફેડરલ બેંક લિમીટેડ, LCRD/અમદાવાદ વિભાગ, દુકાન નં. ૧૦૧, પહેલો માળ, સંગાથ આઈપીએલ દ્વારા સેન્ટ્રલ, પીવીઆર સિનેમાની પછી, લેક એન્ડ ગાર્ડન પાસે, મોટેરા, અમદાવાદ-૩૮૦૦૦૫.
ઈમેલ : ahdlcrd@federalbank.co.in, ફોન : ૦૭૯-૨૯૯૦૦૩૭૩, મોબાઈલ: ૯૪૨૭૮૫૯૯૯૭

**જંગમ અને સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટીસ**

સિકયોરિટાઈઝેશન એન્ડ રીકન્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ હેઠળ જંગમ અને સ્થાવર મિલકતોના વેચાણ માટેની નોટીસ સિકયોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો-૨૦૦૨ ના નિયમ ૮(૬) ની જોગવાઈ સાથે વંચાણે લેતાં

આથી જાહેર જતનાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધારકર્તાઓ અને જામીનદારોઓએ સુચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો **ફેડરલ બેંક લિમીટેડ** (સિકયોર્ડ કેડીટર) પાસે ગીરો/ચાર્જ કરેલ છે, જેનો **પ્રત્યક્ષ કબજો** અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે. **ફેડરલ બેંક લિમીટેડ (સિકયોર્ડ કેડીટર)** ની બાકી લ્હેણી રકમ ની વસુલાત માટે **તા. ૨૪.૦૨.૨૦૨૬ ના રોજ "જેમ છે ત્યાં" "જેમ છે તેમ" "જે ત્યાં છે"** ના ધોરણે વેચાણ કરવામાં આવશે, ફેડરલ બેંક લિમીટેડ (સિકયોર્ડ બેંક લિમીટેડ) ની વેચાણની વિગત નીચે મુજબ છે.

| નં. | ઉધારકર્તાનું નામ અને સરનામું | બાકી લ્હેણી રકમ | અનામત કિંમત અને ઈએમડી |
|---|---|---|---|
| ૧. | (૧). શ્રી વિકાસ નેમચંદ મુંધરા S/o નેમચંદ મુંધરા, (૨). શ્રી પ્રકાશ નેમચંદ મુંધરા S/o નેમચંદ મુંધરા, (૩). શ્રીમતી અંકિતા પ્રકાશ મુંધરા W/o પ્રકાશ નેમચંદ મુંધરા, (૪). શ્રીમતી ગાયત્રી વિકાસ મુંધરા W/o નેમચંદ મુંધરા, બધાનું સરનામું : ડી-૮૦૨, સોનલ રેસીડેન્સી, રેશમા રો હાઉસની સામે, પર્વત પાટીયા, સુરત, ગુજરાત - ૩૯૫૦૧૦. | પ્રોપટી પાવર એકાઉન્ટ નં. ૧૩૪૩૭૬૦૦૦૦૧૯૦૨ ની બાકી રકમ રૂા. ૧,૧૫,૦૬,૦૬૩.૨૬ (રૂા. એક કરોડ પંદર લાખ નવ હજાર ત્રણું અને છવ્વીસ પૈસા પુરા), તા. ૨૪.૦૨.૨૦૨૬ ના રોજ સંયુકત રીતે અને અલગ થી બાકી છે. એસેટ ગાર્ડન (પસર્નલ લોન) લોન એકાઉન્ટ નં. ૧૩૪૩૭૬૦૦૦૧૯૧૦ ની બાકી રકમ રૂા. ૧,૧૯,૩૬૩.૦૨ (રૂા. એક લાખ ઓગણીસ હજાર ત્રણસો ત્રેસઠ અને બે પૈસા પુરા), તા. ૨૪.૦૨.૨૦૨૬ ના સુધી | રૂા. ૬૪,૦૦,૦૦૦/- (રૂા. ચોરાણું લાખ પુરા) ---------- રૂા. ૬,૪૦,૦૦૦/- (રૂા. નવ લાખ ચાલીસ હજાર પુરા) |

**સ્થાવર મિલકતનું વર્ણન :-** તમામ ભાગ અને હિસ્સા સાથેની જમીન (પ્લોટ નં. ૧૩૪), કોમર્શિયલ બિલ્ડીંગ, ઓફિસ નં. એફ/૮, પહેલો માળ (સાઈટ મુજબ) અને ઓફિસ નં. ૩૦૮, ત્રીજો માળ (પ્લાન મુજબ), સુપર બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૩૧૦૦ સ્કે. ફીટ., બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૧૪૮.૩૬ સ્કે.મી., કાર્પેટ એરીયાનું ક્ષેત્રફળ ૧૫૫૦ સ્કે. ફીટ. (અવિભાજીત હકક અને હિસ્સા સાથેની જમીન સાથેનું ક્ષેત્રફળ ૧૪૪.૦૦ સ્કે.મી.), સંયુકત રેવન્યુ સર્વે નં. ૯૮/૪, બ્લોક નં. ૨૧૪, ટીપીએસ નં. ૧૩, ફાઈનલ પ્લોટ નં. ૧૩૪, ઓકીરા બિઝનેશ હબ (વીઆઈપી પ્લાઝાની પાછળ, ભગવાન મહાવીર કોલેજની પાસે, વીઆઈપી રોડ, મોજે - ભરથાણા, વેસુ, સુરત, ગુજરાત), ભરથાણા - વેસુ ગામ, તાલુકો - મંજુરા, જીલ્લો - સુરત, રાજય - ગુજરાત, રજીસ્ટ્રેશન સબ જીલ્લો - મંજુરા (ચોર્યાસી). **ચતુઃસીમા :- પૂર્વે :** જગ્યા અને લીફટ, **પશ્ચિમે :** ઓફિસ નં. એફ-૪ અને એફ-૯, **ઉત્તરે :** બિલ્ડીંગની ખુલ્લી જગ્યા, **દક્ષિણે :** બિલ્ડીંગની ખુલ્લી જગ્યા.

| નં. | | | |
|---|---|---|---|
| ૨. | (૧). મે. કિવલોન રિયલ ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમીટેડ (અગાઉ મે. કિવલોન રિયલ એન્જિનિયરીંગ એન્ડ કન્ટ્રકશન પ્રાઈવેટ લિમીટેડ તરીકે ઓળખાતું), (એ). પ્લોટ નં. ડી૨, ઈ/૫, જીઆઈડીસી, દહેજ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દહેજ - ૨, ગામ - ગાલેંડા, તાલુકો - વાગરા, ભરૂચ, ગુજરાત - ૩૯૨૧૩૦ // ૧૦૨-૧૦૬, પહેલો માળ, વેસ્ટન પ્લાઝા કોમ્પલેક્ષ, વેલફેર ડેન્ટલ કોલેજની સામે, દહેજ બાયપાસ રોડ, ભરૂચ, ગુજરાત - ૩૯૨૦૦૧, (૨). શ્રી શેરીફ ઈબ્રાહીમ મોહમ્મદ @ ઈ એમ શેરીફ @ ઈબ્રાહીમ મોહમ્મદ શેરીફ S/o ઈબ્રાહીમ કુટ્ટી, એ-૧૦, અલ ફલાહ પાર્ક, ડુંગરી શેરપુરા પેટ્રોલ પંપ સામે, ભરૂચ, ગુજરાત - ૩૯૨૦૧૧, (૩). શ્રી સીનાય શેરીફ W/o શેરીફ ઈબ્રાહીમ મોહમ્મદ, એ-૧૦, અલ ફલાહ પાર્ક, ડુંગરી શેરપુરા પેટ્રોલ પંપ સામે, ભરૂચ, ગુજરાત - ૩૯૨૦૧૧, (૪). શ્રી ઈબ્રાહીમ શાહીદ શેરીફ W/o શેરીફ ઈબ્રાહીમ મોહમ્મદ, એ-૧૦, અલ ફલાહ પાર્ક, ડુંગરી શેરપુરા પેટ્રોલ પંપ સામે, ભરૂચ, ગુજરાત - ૩૯૨૦૧૧. | | |

| એકાઉન્ટ નં. | તા. ૨૪.૦૨.૨૦૨૬ ના રોજ બાકી રકમ |
|---|---|
| ૧૪૭૦૫૫૦૦૦૦૦૧૬૯ | રૂા. ૩,૦૨,૧૦,૪૭૦.૦૦ |
| ૧૪૭૦૬૯૦૦૦૦૦૦૭૨ | રૂા. ૧૧,૬૧,૫૭૯.૦૦ |
| ૧૪૭૦૬૯૦૦૦૦૦૦૮૦ | રૂા. ૧,૦૮,૦૬૫.૦૦ |
| ૧૪૭૦૬૯૦૦૦૦૦૪૦૩ | રૂા. ૨૯,૭૦,૩૦૩.૦૦ |
| ૧૪૭૦૦૨૦૦૦૧૩૮૩૬ | રૂા. ૨,૧૯,૫૦,૦૪૯.૦૦ |
| કુલ : રૂા. ૫,૬૪,૦૦,૪૯૬/- (રૂા. પાંચ કરોડ ચોસઠ લાખ ચારસો છન્નુ પુરા) | |

**સ્થાવર મિલકતનું વર્ણન**

| લોટ નં. | ગિરવે મુકેલી સ્થાવર મિલકતનું વર્ણન | અનામત કિંમત | ઈએમડી |
|---|---|---|---|
| 1. | તમામ ભાગ અને હિસ્સા સાથેની બીન ખેતીલાયક જમીનનું ક્ષેત્રફળ ૩૫૪૧ સ્કે.મી., તમામ સુવિધાઓ સાથે, જે સ્થિત રેવન્યુ સર્વે નં. ૩૩૧/૨ પૈકી ૧, ગામ - દહેગામ, તાલુકો અને જીલ્લો - ભરૂચ. **ચતુઃસીમા :- પૂર્વે :** જમીનનો આર.એસ. નં. ૩૩૧/૨ પૈકી ૨, **પશ્ચિમે :** જમીનનો આર.એસ. નં. ૩૩૧/૧, **ઉત્તરે :** જમીનનો આર.એસ. નં. ૩૨૮, **દક્ષિણે :** દહેજ બાય પાસ રોડ અને પ્રવેશ રોડ. | રૂા. ૪,૦૦,૦૦,૦૦૦/- | રૂા. ૪૦,૦૦,૦૦૦/- |
| 2. | તમામ ભાગ અને હિસ્સા સાથેની દુકાન નં. ૧૦૨ અને ૧૦૩, ક્ષેત્રફળ ૨૭.